# કમિશનર, શાળાઓની કચેરી,
# બ્લોક નં.૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
# ગુજરાત રાજ્ય, ગાંધીનગર

૧. શિક્ષણ વિભાગના તા.૧૫/૦૩/૨૦૧૬ના ઠરાવથી રાજ્યની સ્વનિર્ભર (નોન ગ્રાન્ટેડ) શાળાઓને પ્રોત્સાહક આર્થિક સહાય આપવા અંગેના ધોરણો નિયત થયેલ છે જે મુજબ સને ૨૦૧૫-૧૬ના વર્ષમાં પ્રથમ તબક્કામાં ધોરણ-૯ના બધા જ વર્ગોના વિદ્યાર્થીઓને ગ્રાન્ટના હેતુ માટે આવરી લેવામાં આવશે.

૨. આ ઠરાવની જોગવાઈઓ www.cos.gujarat.gov.in વેબસાઈટ ઉપરથી મેળવી શકાશે.

૩. **ગ્રાન્ટની પાત્રતા માટેની મુખ્ય સંક્ષિપ્ત જોગવાઈઓ :-**
- શાળા પાંચ વર્ષથી ચાલુ હોય તથા એસ.એસ.સી. બોર્ડનું ધોરણ-૧૦નું માર્ચ-૨૦૧૫ના વર્ષનું નિયત પરિણામ ઠરાવમાં જણાવેલ પસંદગીના ધોરણે મુજબ ધ્યાને લેવાનું રહે છે.
- રજિસ્ટર થયેલ વિદ્યાર્થીઓની સંખ્યા ધ્યાને લેવાની રહેશે.
- ગ્રાન્ટની સહાયનું ધોરણ વિદ્યાર્થીદીઠ રૂા.૭૫૦૦/- તથા પરિણામ આધારે વધારો/કાપ કરી શકાશે.

૪. **શાળાએ ગ્રાન્ટ મેળવવા માટેની કાર્યપદ્ધતિ :-**
- શિક્ષણ વિભાગના ઉપર્યુક્ત તારીખના પ્રોત્સાહક આર્થિક સહાયના ધોરણોની જે શાળાઓ આર્થિક સહાય મેળવવા ઈચ્છતી હોય તેવી શાળાઓએ નિયત અરજી પત્રકમાં online www.gserb.org વેબસાઈટ ઉપર અરજી કરવાની રહેશે.
- અરજી ફોર્મનો નમૂનો www.gserb.org વેબસાઈટ પરથી મેળવી શકાશે.
- અરજી પત્રકમાં સંપૂર્ણ વિગત તેમાં દસ્તાવેજી પુરાવા સાથે સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી તા.૧૫/૦૪/૨૦૧૬ સુધીમાં રજૂ કરવાની રહેશે.
- સમયમર્યાદા બહાર આવેલ અને આ કચેરીને બારોબાર મોકલેલ અરજીપત્રકો દફતરે કરવામાં આવશે.

(ઈ. પી. દેસાઈ)
સંયુક્ત શિક્ષણ નિયામક
માધ્યમિક
ગુ.રા. ગાંધીનગર

માહિતી/૨૮૨૭/૨૦૧૫-૧૬